# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807


## પરિપત્ર

સંદર્ભ : ૧) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : CRN/102020/15032020/K12, તા. ૧૫/૦૩/૨૦૨૦

૨) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક : પરચ/૧૧૨૦૨૦-૧૫૧-૧.૨, તા. ૧૫/૦૩/૨૦૨૦

૩) Guidelines regarding the precautions to be taken against spread of COVID-19

સરદાર પટેલ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનના વડાશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે હાલમાં કોરોના વાઈરસ કે જેને WHO દ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ પરચ/૧૧૨૦૨૦-૧૫૧-૧.૨થી મળેલ સૂચના અનુસાર તારીખ : ૧૬/૦૩/૨૦૨૦ સવારે ૧૦.૩૦ કલાકે કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ વિભાગીય વડાશ્રીઓની તત્કાલ સભામાં ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે જેનો સર્વેએ ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

૧) હાલમાં બી.એડ્.ના પ્રવેશ ફોર્મ ભરાવવાનું ચાલુ છે તે યથાવત રાખવું. ફોર્મની ચકાસણી દરમ્યાન ૧૦ કે વધુ વિદ્યાર્થીઓ ભેગા થાય નહીં તેની તકેદારી રાખવી.

૨) યુનિવર્સિટી દ્વારા તારીખ : ૨૩/૦૩/૨૦૨૦થી શરૂ થનાર Research Methodologyનો Ph.D. માટેનો કોર્ષવર્ક મોકુફ રાખવો તથા કોર્ષવર્ક અંગેની તારીખ હવે પછી નકકી કરવામાં આવશે.

૩) હાલમાં અનુસ્નાતક કેમેસ્ટ્રી વિભાગમાં ચાલતો વર્કશોપ તાત્કાલિક અસરથી બંધ કરવો. નવી તારીખ હવે પછી નકકી કરવામાં આવશે.

૪) યુનિવર્સિટીના જે વિભાગમાં અને કાર્યાલયની ઓફિસના જે કેબીનોમાં AC છે તે નવી સુચના ન મળે ત્યાં સુધી સદંતર બંધ રાખવા તથા યુનિવર્સિટીના જે હોલ ACછે ત્યાં પણ ACબંધ રાખવા જણાવવામાં આવે છે.

૫) યુનિવર્સિટી કેન્ટીન અને જ્યાં મેસ ચાલે છે તે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી બંધ રાખવા.

૬) યુનિવર્સિટીમાં હાલપુરતા કોઈપણ વર્કશોપ, સેમીનાર, એન્યુલ ડે વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવું નહીં અને જે પહેલેથી નકકી થયા છે તે મોકુફ રાખવા.

૭) યુનિવર્સિટી લાયબ્રેરીના રીડીંગ રૂમ અન્ય આદેશ ન થાય ત્યાં સુધી બંધ રાખવા જણાવવામાં આવે છે.

૮) યુનિવર્સિટી હોસ્ટેલોમાં જે વિદ્યાર્થીઓ ગુજરાતમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને રેકટરશ્રી દ્વારા પોતાના વતનમાં જવા માટે વિનંતી કરવી તથા તેઓના મોબાઈલ નંબરનું લીસ્ટ યુનિવર્સિટીમાં જમા કરાવવાનું રહેશે.

૯) યુનિવર્સિટી મ્યુઝિયમમાં કોઈપણ કાર્યક્રમનું હાલ પુરતુ આયોજન કરવું નહીં.

૧૦) યુનિવર્સિટીના HRDCમાં અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કોઈપણ કાર્યક્રમ કરવો નહીં.

પાછળ..



Scanned with CamScanner

૧૧) યુનિવર્સિટીના જે વિભાગોમાં જયાં Biometric Thumb Impression છે તે તાત્કાલિક અસરથી મોકુફ રાખવી અને તેની અવેજીમાં હાજરી પત્રકમાં હાજરી લેવી.

૧૨) યુનિવર્સિટીમાં પુર્વ આયોજીત Ph.D. Vivaની કામગીરી યથાવત રાખવી પરંતુ તેમાં ૧૫થી વધુ સંખ્યા ન થાય તે ધ્યાનમાં લેવાનું રહેશે.

નં. ડી/ઈ/૧૦/૬૦૪૬
તારીખ : ૧૬/03/૨૦૨૦
વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ

પ્રતિ,
સર્વે વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો, ભાઈકાકા લાયબ્રેરી, યુનિ. મ્યુઝિયમ, યુનિવર્સિટી હોસ્ટેલોના રેકટરશ્રીઓ તરફ



Scanned with CamScanner